**DATE: 01/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### પોલીસ તંત્ર દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયા

# ભરૂચમાં ઊંચા વ્યાજની આર્થિક બદી સામે પોલીસ તંત્રનો જંગ

## ગરીબ અને મધ્યમવર્ગના આર્થિક શોષણ કરતા શાહુકારો

। ભરૂચ ।

ભરૂચ પંથકમાં ઉંચા વ્યાજે નાણાં ધીરી ગરીબ વ્યકિતઓનું શોષણ કરતા ઘણા શાહુકારો ફરી રહ્યા છે. જેઓ ઉંચા વ્યાજે નાણાં આપી શારિરીક અને માનસિક ત્રાસ દ્વારા ટોર્ચર કરી નાણાંના હપ્તા વસુલ કરતા હોય છે. આવા શાહુકારો કોરા ચેક લઈ લેતા હોય છે અને આવા ચેકો પૂરતા ફંડના અભાવે બેંક માંથી પરત ફરતા પોલિસ કેસ કરવામાં આવે છે

ભરૂચ જિલ્લામા ઊંચા વ્યાજે નાણા ધિરવા અંગેની સામાજીક બદીને નાથવા માટે ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેના એક ભાગરૂપે જનજાગૃતિ કાર્યક્રમ શરૂ કરવામાં આવી છે. જે અંગે ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જણાવ્યુ હતુ કે, ઉંચા વ્યાજે નાણાં ધીરી કોઈની આર્થિક પરિસ્થિતિનો લાભ લેવો તે એક બહુ મોટુ પાપ કહી શકાય. આવી સામાજીક બદી સામે પોલીસ તંત્ર દ્વારા અસરકારક કામગીરી અને પગલા ભરવામાં આવશે. ભરૂચ પંથકમાં નાણાંની જરૂરિયાત ઉભી થતા ગરીબ અને મધ્યમવર્ગના લોકો વારંવાર શોષણનો ભોગ બનતા હોય છે ઉંચા વ્યાજે નાણાં લેવાની તેમને જરૂરિયાત ઉભી થતી હોય છે. સરકારની વિવિધ યોજનાઓ છતાં તાત્કાલીક આવી પડેલ ઉપાધી માટે જયારે રકમ જોઈતી હોય ત્યારે આવા વ્યાજખોરો ગરીબોનું શોષણ કરતા હોય છે. જે માટે લોકોમાં સભાનતા આવે તે માટે પોલીસ તંત્ર અને સાથે ધિરાણ આપતી બેંકો તેમજ નગરપાલિકા દ્વારા જન જાગૃતિ ના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. ખાનગી નાણાં ધીરનારા પાસેથી ઉંચા વ્યાજે નાણાં લેવા કરતા પાલિકા સહિત વિવિધ બેંકો દ્વારા ઓછા વ્યાજે કેવી રીતે નાણાં મળી શકે તે અંગેની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓ અંગે પણ માહીતી આપવામાં આવી રહીં છે

**DATE: 01/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# ભરૂચમાં ત્રણ ઘરફોડ ચોરી કરનારા બે આરોપીની ધરપકડ

। ભરુચ ।

ભરુચ એલસીબીએ ભરુચ-અંકલેશ્વર સહિત ત્રણ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી કાઢી બે આરોપીને ઝડપી પાડ્યા હતા. ભરુચ એલસીબીના પી.આઈ એમ.પી. વાળાના માર્ગ દર્શન હેઠળ પી.એસ.આઈ એમ.એમ. રાઠોડ સહિત સ્ટાફ અંકલેશ્વર પેટ્રોલિંગમા હતો તે દરમિયાન અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં સાત દિવસ પહેલા થયેલ બાઈક ચોરી અને અગાઉ ઘરફોડ ચોરીમાં પકડાયેલ આરોપી ઉમેશ દયાલભાઈ બગડીયા સંડોવાયેલ છે.અને હાલ તે શાન હોટલ પાસે ચોરીની બાઈક સાથે ફરી રહ્યો છે. જેવી બાતમીના આધારે બાતમી વાળા ઈસમને અટકાવી બાઈકના દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે ગત તારીખ-૨૦મી જૂનના રોજ અંકલેશ્વર જેલમાંથી બહાર આવેલ કોસમડીની બાંધકામ સાઈટ પાસેથી બાઈક ચોરી કરી હતી અને બીજા દિવસે બાઈક લઈ કોસમડીની શ્રીધર સોસાયટીમાં એક મકાનમાં ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવા સાથે ત્રણ દિવસ પછી ઓસારા રોડની બાજુમાં એક નવી બીલ્ડીંગની સાઈટ પરથી એસ.એસ.ના નળ ચોરી કર્યા હોવાનું કબૂલાત કરી હતી.આ ચોરીના નળઓસારા રોડ પર આવેલ ભંગારની દુકાનમાં વેચાણ કર્યા હોવાની પણ કબૂલાત કરી હતી પોલીસે મૂળ બોટાદ અને હાલ નવા કાસીયા ગામના ટેકરી ફળિયામાં રહેતો ઉમેશ દયાળભાઈ બગડીયા તેમજ ભંગારી સરવણ લાદુજી ગુજ્જરને પડી પાડ્યો હતો અને ચોરી થયેલ સામાન કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 01/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ બાયપાસ નજીક વેચાણ માટે ફરતા હતાં

# વાગરામાંથી 1,000 મીટર વાયર ચોરીમાં ત્રણ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | વાગરા

ભરૂચ શહેરના બાયપાસ વિસ્તારમાં કેબલના વાયરો વેચાણ અર્થે 4 ઈસમો ફરતાં હોવાની બાતમી એલસીબીને મળી હતી. જેથી સ્થળ પર તપાસ કરી ચારેયને ઝડપી લેવાયાં હતાં. તેમની પાસેથી વાયરોના બંડલ મળી આવ્યા હતાં.ચારેયની પૂછપરછમાં તેમણે પોતે પી.આઇ.ગ્રીન એનર્જી લિમિટેડ કંપનીના સોલાર ફિટિંગમાં કોન્ટ્રાક્ટ હેઠળ મજૂરી કામ કરતા હતા અને તે વેળા વાયરના બંડલોનો જથ્થો સંતાડી દીધેલો અને કામગીરી પૂર્ણ થયા બાદ કોઈક વાહન મારફતે ભરૂચ લઈ આવ્યા હોવાની કબૂલાત કરી હતી.જોકે ઝડપાયેલા ચાર પૈકી એક ઈસમની ઉંમર શંકાસ્પદ જણાતા તેની ખરાઈ કરવા રાખ્યો હતો.જ્યારે ત્રણ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેયના નામ હરીઓમ, શોએબખાન અને મુદ્દામખાન છે અને ચતેઓ યુપીના શાહજહાપુરના રહેવાસી છે. તેમની પાસેથી 54 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

**DATE: 02/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### નર્મદા ચોકડીથી ઘરે આવતી વેળા રિક્ષામાં ભૂલ્યો

# ઝાડેશ્વરના યુવાનની દાગીના ભરેલી બેગ પોલીસે શોધી આપી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ઝાડેશ્વર ગામે રહેતો શખ્સ પરિવાર સાથે સુરત ગયો હતો. જ્યાંથી પરત આવતી વેળાં તે નર્મદા ચોકડીએ ઉતર્યાં હતાં. ત્યાંથી રીક્ષામાં તેઓ તેમના ઘરે ગયાં હતાં. દરમિયાનમાં તેમનું એક સોના-ચાંદીના દાગીના તેમજ રૂપિયા સહિતનો કિંમતી બેગ ગુમ થઇ હતી..

ભરૂચના ઝાડેશ્વર ગામમાં પાણીની ટાંકી પાસેર હેતાં ગણેશ પોપટભાઇ સોલંકી પરિવારજનો સાથે સુરત ગયાં હતાં. જ્યાંથી તેઓ પરત ભરૂચ આવ્યાં હતાં. તેઓ નર્મદા ચોકડી પાસે ઉતર્યાં હતાં. જ્યાંથી ઝાડેશ્વર જવા માટે તેઓ એક રીક્ષામાં બેઠાં હતાં. ઝાડેશ્વર તેમના ઘરે પહોંચ્યાં બાદ તેઓ ઘરે પહોંચતાં તેમની એક સોનાનું મંગળસુત્ર,બે સોનાની બુટી, એક જોડ પાયલ,એક જોડ ચાંદીના કડા, એક મોબાઈલ તથા બીજા અગત્યના ડોક્યુમેન્ટ ભરેલી બેગ ગુમ થયેલી જણાઈ હતી. તેણે તુરંત ભરૂચ સી ડિવિઝન પોલીસેને જાણ કરતાં પોલીસે ટેન્કિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી રીક્ષાની ઓળખ કરી તપાસ કરતાં તેમની બેગ શોધી આપી હતી.

**DATE: 02/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ભરૂચ શહેરમાં ત્રણ સ્થળેથી દેશી દારૂની હેરાફેરી કરતાં ૪ ખેપિયા ઝડપાયા

ભરૂચ,તા.૧ અંકલેશ્વર પંથકની અનેક દેશી દારૂની ભઠ્ઠીઓ પરથી ભરૂચના દેશી દારૂના બૂટલેગરોને દારૂ સપ્લાય કરતાં સમયે જ પોલીસે ખેપિયાઓને દબોચી લીધા હતાં.

## ત્રણ બૂટલેગર વોન્ટેડ, અંકલેશ્વર પંથકમાં આવેલી દારૂની ભઠ્ઠી પરથી દારૂ સપ્લાય કરાતો હોવાની કબૂલાત

ભરૂચ એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, અંકલેશ્વરના બુટલેગરો ભરૂચમાં દેશી દારૂના બુટલેગરોને કારમાં મોટા પાયે દારૂનો જથ્થો સપ્લાય કરી રહ્યા છે. જેના આધારે શક્તિનાથ વિસ્તારમાં વોચ ગોઠવતાં બાતમી વાળી કાર આવી પહોંચતાં તેને રોકીને તપાસ કરતા તથા ભૃગુઋષિ બ્રિજ ઉપરથી કોર્ટ રોડ તરફ આવતી ગાડીને ચેક કરતા તેમાંથી રૂ.૧૬ હજારનો અંદાજે ૮૦૦ લીટર દેશી દારૂ અને કાર મળી કુલ રૂ.૩,૨૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે કારના ચાલક અંકલેશ્વરના અમરતપરા ગામનો અરવિંદ ઉર્ફે ભોલો અંબુ વસાવા ઝડપાઈ ગયો હતો.જેની પુછપરછ કરતા દહેજ તથા વાગરાના કડોદરા ગામના બુટલેગર ભરત બબુ વસાવા, દહેજના ભાવેશ મકવાણા અને દહેજના ઠૂઠીયા ગામના રાજુ રાઠોડને વોન્ટેડ જાહેર કરાયા હતા. ત્યારબાદ બી ડિવિઝન પોલીસે મનુબર ચોકડી નજીકથી દહેગામ ત્રણ રસ્તા તરફ જતી કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપી કારમાં સવાર બુટલેગર યોગેશ પ્રવીણભાઈ વસાવા (રહે. અંદાડા) તથા ચિરાગ પ્રફુલભાઈ વસાવા (રહે.અમરતપરા) અને પરેશ ઉર્ફે પલિયો જયવર્ધન વસાવા (રહે, અમરતપરા)ને ઝડપી લીધા હતાં.

મહેરબાન અંકલેશ્વરના એડી.સિ.સિવિલ જજ સાહેબની કોર્ટમાં

સી.પ.અ.નં-૧૬/૨૦૨૪

DATE: 02/07/2024 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### ભરૂચ - નર્મદામાં ગુનાઓ નોંધાયેલાં છે

# અંકલેશ્વરની વાલિયા ચોકડીએથી વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસેથી ભરૂચ એલસીબી પોલીસે ભરૂચ અને નર્મદા જિલ્લાના પ્રોહિબિશનના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને વાલિયા ચોકડીએ ઝડપી પાડયો છે.એલસીબી ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન કંબોડીયાનો વોન્ટેડ બુટલેગર પ્રવિણ પાટણવાડીયા વાલિયા ચોકડી પાસે હોવાની બાતમી મળી હતી.

એલસીબીની ટીમે વાલિયા ચોકડી વિસ્તારમાં વોચ ગોઠવીને આરોપીને ઝડપી પાડયો હતો. આરોપી સામે અંકલેશ્વર જીઆઈડીસી અને દેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાયેલી છે. મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડીને વેપલો ચલાવવામાં આવી રહયો હતો. આરોપીને અંકલેશ્વર બી ડિવિઝન પોલીસના હવાલે કરવામાં આવ્યો છે. આરોપી આટલા સમયથી કયાં છુપાયેલો હતો અને તેને કોણે આશરો આપ્યો હતો સહિતની વિગતો પોલીસ મેળવી રહી છે.

\

**DATE: 02/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# આમોદ ખાતે નવા ફોજદારી કાયદાની સમજ માટે લોકદરબાર યોજાયો

આમોદ, તા. ૧

આજથી સમગ્ર ભારતમાં નવા ફોજદારી કાયદાઓ અમલમાં આવ્યા હોય લોકો નવા કાયદાથી જાગૃત થાય અને સમજ કેળવે તે હેતુથી આમોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટરના અધ્યક્ષ સ્થાને આમોદ તાલુકા પંચાયતના સભાખંડમાં લોક દરબારનું આયોજન કરાયું હતું.

## પોલીસ દ્વારા ઉપસ્થિતોને નવા કાયદા વિશે વિસ્તારપૂર્વક માહિતી અપાઈ

જેમાં મોટી સંખ્યામાં રાજકીય પાર્ટીના આગેવાનો, શહેર ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપના મહામંત્રી, ગામના સરપંચો તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય ન્યાય સંહિતા, નાગરિક સંરક્ષણ સંહિતા અને પુરાવા અધિનિયમ જે નવા નામોથી ઓળખાશે તેમજ એની કલમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ત્યારે નગરજનો તેમજ તાલુકાના ગામના આગેવાનો અને સરપંચો નવા કાયદાથી પરિચિત થાય તે માટે પોલીસ દ્વારા નવા બનેલા કાયદાઓ અંગે વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી હતી.

# જીતાલીમાંથી 4 ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જીતાલી ગામની સ્ટાર લેક સીટી સોસાયટીના મકાન નંબર 21માં એલસીબી પોલીસે રેડ કરતા જુગાર રમતા જહૂર માલવાણી શેખ, જ્ઞાનચંદ શિવપૂજન સોની અને શશીકાન્ત મુક્તિ મંડલ તેમજ અજય સદાનંદ ધુમાડને ઝડપી લીધા હતાં.રોકડા રૂપિયા 48 હજાર 40 હજારના 4 મોબાઈલ અને રૂ. 4 લાખની કાર મળી કુલ રૂપિયા 4 લાખ 88 હજારનો મુદ્દામાલ જપ્ત કરી તપાસ આદરી છે.

**DATE: 03/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### બદલાયેલા કાયદાઓ અંગે

# ભરૂચ સિટી પોલીસ એ-બી ડિવિઝન દ્વારા માહિતી અપાઈ

| ભરૂચ |

તાજેતરમાં આઈપીસીની વિવિધ કલમોમાં નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા છે. જેથી ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ભરૂચ સીટી પોલીસ એ.ડીવીઝન અને બી.ડીવીઝન દ્વારા બદલાયેલ આઈપીસી કલમો અંગેનું માર્ગદર્શન આપવા ખાસ કાર્યક્રમ દાંડિયાબજાર સ્વામિનારાયણ મંદિર ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા, ભારતીય સુરક્ષા અધિનિયમ એમ ત્રણ કાયદાઓની વિગતવાર સમજ આપવામાં આવી હતી.

પોલીસ અમલદારોએ ફરિયાદ કેવી રીતે અને કયાં દાખલ કરવી, કોઈપણ પોલીસ મથક ખાતેથી ફરિયાદ દાખલ થઈ શકે, કેટલા દિવસોમાં ફરિયાદ અંગે કેવી કેવી કાર્યવાહી પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવશે તે અંગેની તમામ જાણકારી પોલીસ અમલદારોએ લોકોને આપી હતી. અત્રે નોંધવુ રહ્યુ કે, જુની આઈપીસીની કલમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે તે અંગેની પણ માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે સીટી પોલીસ એ.ડીવીઝન પીઆઈ વી. યુ.ગડરીયા, બી.ડીવીઝન પીઆઈ એસ.ડી.ફુલતરીયાએ માર્ગદર્શન આપ્યુ હતુ.

**DATE: 03/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### હાંસોટના બૂટલેગરે બે નામ કબૂલ્યાં હતાં

# અંકલેશ્વરથી દારૂ મંગાવનારી દઢાલની બૂટલેગર ઝડપાઈ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે ચોક્કસ માહિતી આધારે 48 હજાર ઉપરાંત ના દારૂ ભરેલી કાર સાથે 2.58 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કરી હાંસોટ ના ઈસમ ની ધરપકડ કરી હતી હાંસોટ નો બુટલેગર મોહંમદ સોએબ ઉસ્માન ગની શેખ ફોર વ્હીલર ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી દઢાલ તરફ આપવા જતા ઝડપી પાડ્યો હતો. તેની પાસે થી દારૂના 480 નંગ પાઉચ કિંમત રૂપિયા 48 હજારનો દારૂ અને એક ફોન તેમજ ગાડી મળી કુલ 2.58 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાંસોટના ખિડકી ફળિયામાં રહેતો મોહમંદ શોએબ ઉસ્માન ગણી શેખની ધરપકડ કરી હતી તેની પ્રાથમિક પૂછપરછ કરતાં આ દારૂનો જથ્થો અંકલેશ્વરના કાગદીવાડમાં રહેતો શાહરુખ પઠાણ પાસેથી લઈ દઢાલ ગામની સુશિલા ને વોન્ટેડ જાહેર કર્યા હતા. જેમાં વોન્ટેડ મહિલા બુટલેગર સુશીલા વસાવા ને અંતે ઝડપીપાડી હતી.

**DATE: 03/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### શેરપુરાથી વેચવા માટે 24 બોટલ લાવ્યાં

# ભરૂચના ગોદી રોડ પરથી દારૂ સાથે બે બૂટલેગર સકંજામાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે વેળાં બે શખ્સો રેલવે સ્ટેશનમાંથી ગોદી રોડ પર થઈને દારૂ ભરેલી બેગ લઈને નિકળી રહ્યાં છે તેવી બાતમી મળી હતી. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દોડી જઈ બે શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. તેમની પુછપરછ કરતાં તેમના નામ માનવ રાકેશ ચૌહાણ (રહે. સુથીયાપુરા, દાંડિયાબજાર) તેમજ સોહિલ ઉર્ફે સાહિલ મુસ્તાક પટેલ (રહે. બચુભાઈનો ટેકરો) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની પાસેની બેગ તપાસતાં તેમાંથી વિદેશીદારૂની કુલ 24 બોટલો મળી આવી હતી. આરોપીઓની પુછપરછ કરતાં તેઓએ જણાવ્યું હતું કે, તેમણે વેચાણ કરવા માટે શેરપુરા ખાતે રહેતાં નિયામતઅલી ઉર્ફે મુન્ના પાસેથી દારૂ મંગાવ્યો હતો. જે તેનો માણસ સોયેબ કાળીયો (રહે. શેરપુરા) તેમને રેલવે સ્ટેશનની અંદર ગોદી રોડ તરફ આપી ગયો હતો. જેના પગલે ટીમે બન્નેની ધરપકડ કરી અન્ય બન્ને વોન્ટેડ જાહેર કરી ચારેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 03/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પોલીસે રૂ.3.36 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

# અંકલેશ્વરના સક્કરપોર ગામેથી કારમાંથી દારૂનો જથ્થો મળ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

એલસીબી પોલીસ ની ટિમ અંક્લેશ્વર વિસ્તાર માં પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન સક્કરપોર ગામના ઉગમણા ફળીયા પાર્ક કરેલ ઈકો ગાડી માં વિદેશીદારૂ નો જથ્થો ભરેલ હોવાની માહિતી મળી હતી જે માહિતી ના આધારે રેડ કરતા ઈકો કાર માંથી વિદેશીદારૂ નો જથ્થો મળી આવ્યો હતો ,પોલીસે રૂ.36.લાખ નો વિદેશીદારૂ અને 3 લાખ ની ઈકો ગાડી મળી રૂ 3 લાખ 36 હજાર 600 નો મુદ્દામાલ કબ્જે કરી જુના દિવા ગામના જયેશ વસાવા ને વોન્ટેડ જાહેર કરી તેની વિરુદ્ધ અંક્લેશ્વર રૂરલ પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી પોલિસે ગુન્હો નોંધી ફરાર જયેશ વસાવા ને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે. ભરૂચ શહેર તથા જિલ્લામાં દારૂની બદીને રોકવા માટે પોલીસ કાર્યવાહી કરી છે. એલસીબીની ટીમે શકકરપોર ગામે બાતમીના આધારે દરોડો પાડયો હતો પણ બુટલેગર ફરાર થઈગયો હતો.

**DATE: 03/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ઝઘડિયા-રાજપારડી પોલીસ સ્ટેશન ખાતે લોક જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**ઝઘડિયા** | ભરૂચ જિલ્લાના ઝઘડિયા અને રાજપારડી પોલીસ મથક ખાતે નવા ફોજદારી કાયદાઓના અમલ અંગે લોક જાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જાગૃતિ કાર્યક્રમમાં ઝઘડિયા પીઆઈ આર.એચ.વાળા અને રાજપારડી ખાતે પીએસઆઈ કે.બી.મીરે ઉપસ્થિત નાગરીકો અને મહિલાઓને નવા કાયદાઓના અમલ અંગેની જાણકારીથી માહિતગાર કર્યા હતા.

**DATE: 03/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# આણંદથી 14 ભેંસ અને 1 પાડો ભરી ભરૂચના કતલખાને જતી ટ્રક ઝડપાઈ

**દહેગામ** પાસે નવા એક્સપ્રેસ વે ઉપર પોલીસની કાર્યવાહી

**બેની** અટકાયત, રૂ.૭.૨૦ લાખનો મુદ્દામાલ કબજે

ભરૂચઃ નવા એક્સપ્રેસ વે પર દહેગામ ટોલનાકા પાસે ડ્રાઈવર-ક્લીનર સાથે એક ટ્રકમાં કતલ કરવાના ઈરાદે લઈ જવાતી ૧૪ ભેંસ અને એક પાડો મળી કુલ રૂ.૭.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

ભરૂચ કંટ્રોલ પોલીસ દ્વારા ભરૂચ રૂરલ પોલીસને વર્ધી મળી હતી કે, નવા એક્સપ્રેસ રોડ દહેગામ ટોલનાકા પાસે એક ટ્રક નં.(GJ-૨૪ X-૭૮૭૨) પશુ ભરીને આવશે. એ માટે વોચમાં પોલીસકર્મી મોકલવાની જાણ કરી હતી. જેને લઈ ભરૂચ રૂરલ પોલીસે દહેગામ ટોલનાકા પર રાત્રે વોચ ગોઠવી હતી. એક્સપ્રેસ વે પરથી દહેગામ ઊતરતા આ ટ્રકને રોકીને ક્લીનરને પૂછતાં સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી અંદર ચેક કરતાં ટ્રકમાં ખીચોખીચ ભેંસો અને પાડાને ભરી ટ્રક ડ્રાઈવર તાહિર હનીફભાઈ મન્સૂરી (ઉં.વ.૩૯) અને ક્લીનર અલ્તાફ અબ્બાસખાન સિપાઈ (ઉં.વ.૨૮) (બંને રહે.,ખડિયાસણ, મસ્જિદ પાસે, સિદ્ધપુર, જિ.પાટણ) લઈ જતા હતા. તેમને પૂછતાં પશુઓની હેરાફેરી કરવા માટે પાસ પરમિટ કે ડોક્ટરનું સર્ટિફિકેટ લીધું ન હતું. સઘન પૂછપરછ કરતાં ઘટસ્ફોટ કર્યો હતો કે; આણંદના સામરખા અજરભાઈએ ભેંસો અને પાડો ટ્રકમાં ભરીને ભરૂચમાં મુનાફભાઈને આપવા માટે મોકલ્યા હતા. ભરૂચ રૂરલ પોલીસે ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી ૧૪ ભેંસ અને એક પાડો મળી કિં.રૂ.૨,૧૦,૦૦૦ તેમજ એક ટ્રક કિં.રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૭,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી પશુ ઘાતકીપણા એક્ટ હેઠળ બે વોન્ટેડ સહિત ચાર સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

**DATE: 04/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## આરોપી મૂળ બોટાદનો વતની હોવાનું ખુલ્યું

# અંકલેશ્વરની શ્રીધર સોસા.માં 5 લાખની ચોરી કરનાર તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની શ્રીધર સોસાયટીના મકાનમાંથી રૂ.5 લાખના માલમત્તાની ચોરી કરનાર આરોપીને પોલીસે ઝડપી પાડયો છે. 22મી જુનના રોજ અંકલેશ્વરના કોસમડી વિસ્તારમાં આવેલ શ્રીધર સોસાયટીમાં સાંજના સમયે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું.તસ્કરોએ બારી વાટે ઘરમાં પ્રવેશ કરી અંદર રહેલા સોના-ચાંદીના ઘરેણાં અને રોકડા 15 હજાર મળી કુલ 5 લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા ચોરી અંગે અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.તે દરમિયાન ભરૂચ એલસીબીએ મૂળ બોટાદ અને હાલ નવા કાસીયા ગામમાં રહેતો ઉમેશ દયાળ બગડીયાને ઝડપી પાડ્યો હતો અને જીઆઈડીસી પોલીસના હવાલે કર્યો હતો.

**DATE: 04/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરતાં ન હતાં

# અંક્લેશ્વરની મોનાર્ચ હોટલના મેનેજર સામે કાર્યવાહી કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ એસઓજીની ટીમ દ્વારા શહેર જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર દ્વારા લાગુ પાડેલાં વિવિધ પ્રકારના જાહેરનામાઓને લઈને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે એસઓજી પીઆઈ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ. એચ. વાઢેર તેમજ તેમની ટીમ દ્વારા અંક્લેશ્વર પંથકમાં હોટલો તેમજ ગેસ્ટહાઉસમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં તપાસ દરમિયાન મોનાર્ચ હોટલમાં પહોંચતાં હોટલના સંચાલક જુબેર બશીરઅહેમદ શેખ (રહે. પીપળી ફળીયું માલીવાડ, ભરૂચ) તેમજ તેના સ્ટાફ દ્વારા પથિક સોફ્ટવેરમાં તેમના ગ્રાહકો અંગેની માહિતી અપડેટ કરી ન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. રજિસ્ટરમાં મુસાફરોની સંખ્યા અને પથિક સોફ્ટવેર પર મુસાફરોની સંખ્યામાં ફેર હોઈ તેમણે આખરે હોટલના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 04/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સંચાલક વિરુદ્ધ વાગરા પોલીસમાં ફરિયાદ

# ગંધાર ફૂડ કંપનીમાં કામ કરતાં 13 બાળશ્રમિકોને મુક્ત કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના શ્રમ અધિકારી તરીકે ફરજ બજાવતાં રવિન શૈલેષ બ્રહ્મભટ્ટ પાસે ચાંચવેલ ખાતે યોજાયેલાં તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂઆત આવી હતી કે, વાગરાની મુલેર ગામે આવેલી ગંધાર ફૂડ પ્રોડક્ટ્સ કંપનીમાં નાની વયના લોકો પાસે કામ કરાવાય છે. જેના પગલે તેમણે ભરૂચ ચિલ્ડ્રન હોમના મયુર મોરે, જિલ્લા બાળ સુરક્ષા એકમના સોશિયલ વર્કર અંકિતા ઝેડ વસાવા સહિત પોલીસકર્મીઓ સાથેની રેડિંગ પાર્ટી સાથે ગંધાર ફૂડ પ્રોડક્ટ્સ કંપનીમાં ચેકિંગ કર્યું હતું. જેમાં 6 મહિલા તેમજ 7 પુરૂષની ઉંમર 18 વર્ષથી નીચે હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેમાં પણ બે સગીરા 11-12 વર્ષની હોવાનું જણાયું હતું. જેના પગલે ટીમે તમામ 6 બાળાઓને મુક્ત કરાવી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સને તેમજ 7 સગીર તરૂણોને ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ કુકરવાડાને સોંપવામાં આવ્યાં હતાં. જ્યારે કંપનીના સંચાલક અને માલિક જૈનુલઆબેદિન ઈબ્રાહિમ પટેલ વિરૂદ્ધ વાગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 04/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### રૂા.૩ લાખના દારૂ સાથે એક ઝડપાયો

# ભરૂચ પાસેના ચાવજ ગામથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**ભરૂચ**

ભરૂચ નજીક આવેલ ચાવજ ગામ ખાતેની રાધે રેસીડેન્સી પાસેથી રૂા.૩ લાખ કરતા વધુ કિંમતના દારૂ સાથે એક ઈસમની અટક તેમજ બે આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

સર્વેલન્સ સ્કોડના પોસઈ બી.એસ.શેલાણા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે ચાવજ ગામ ખાતે આવેલ રાધે રેસીડેન્સી પાછળ આવેલ એક ખાલી મકાનમાંથી દારૂ કુલ કિમત રૂા.૩,૩૨,૪૨૦ મળી કુલ રૂા.૩,૫૨,૪૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર અજાણ્યા ઈસમો વિરૂધ્ધ પ્રોહિબીશન એકટના સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી છે.પકડાયેલ તેમજ વોન્ટેડ આરોપીમાં વિશાલ ગીરીશ પટેલ, રાહુલ સોમાભાઈ વસાવા, રહે.આચારજીની ચાલ, ભરૂચ, નરેશ કિશનભાઈ કહાર,રહે.લોઢવાડનો ટેકરો, ભરૂચ (વોન્ટેડ)નો સમાવેશ થાય છે.

**બે આરોપી વોન્ટેડ જાહેર કરતી પોલીસ**

**DATE: 04/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પોલીસ દ્વારા સંવેદનશિલ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજાઈ

# ભરૂચમાં મોહરમ - રથયાત્રાના આયોજન અંગે તૈયારી શરૂ થઈ

## આગામી સમયમાં શાંતિ સમિતિની બેઠકો યોજાશે

| ભરૂચ |

આવનારા દિવસોમાં મોહરમ અને ભગવાન જગન્નાથની રથયાત્રાનું આયોજન થનાર હોઈ આ આયોજનોમાં કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ અને શાંતિ સમિતિની મિટીંગોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે.

આવનાર તા.૭મી જુલાઈના રવિવારે ભરૂચ નગર ખાતે ત્રણ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સમય અરસામાં મોહરમ પર્વ પણ હોઈ એક જ સમય અરસામાં આવતા હોય સંવેદનશીલ વિસ્તારોમાં શાંતિ અને એકતાનું વાતાવરણ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા અત્યારથી જ પુરતી કાળજી લેવાઈ રહી છે. જેના એક ભાગરૂપે ફ્લેગમાર્ચ, શાંતિ સમિતિની મિટીંગોનું પણ આયોજન થઈ રહ્યુ છે.



ભરૂચ ખાતે પોલીસ તંત્ર દ્વારા ફ્લેગમાર્ચ યોજાઈ હતી.

**DATE: 05/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

### પોલીસને પેટ્રોલિંગ સમયે બાતમી મળી

# ઝઘડિયાની જીઆઈડીસીમાંથી ચોરીની બાઈક સાથે એક ઝડપાયો

। ઝઘડિયા ।

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડીયા જીઆઈડીસી વિસ્તારમાં આવેલ એક કંપનીમાથી એક ઈસમને શંકાસ્પદ ચોરીના બાઈક સાથે ઝડપી લીધો હતો.

ગતરોજ પીએસઆઈ એમ. એમ.રાઠોડ ટીમ સાથે ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે ઝઘડિયા જીઆઈ ડીસીની કંપનીમાં એક ઈસમ શંકાસ્પદ મોટરસાયકલ લઈને હાજર છે. એલસીબીની ટીમે તપાસ કરતા બાતમી મુજબનો ઈસમ નંબર પ્લેટ વગરની મોટરસાયકલ સાથે મળી આવતા તેની પાસે પુરાવા માંગતા તે મળી શકેલ નહિ અને સદર ઈસમ કોઈ સંતોષજનક જવાબ આપી શકેલ નહિ. જેથી માલિકનો સંપર્ક કરતાં જણાયું હતું કે બે મહિના પહેલા આ મોટરસાયકલ સુરત ખાતેથી ચોરાઈ હતી.એલસીબી પોલીસે આ મોટરસાયકલ કબજે લઈને સદર ઈસમ ચેતનભાઈ ઉર્ફે લાલુ શરદભાઈ પાટીલ હાલ રહે. માલજીપુરાને ઝડપી લઈને તપાસ માટે ઝઘડિયા પોલીસને સોંપ્યો હતો.

## ઝઘડિયા પોલીસને આરોપીને સોંપવામાં આવ્યો

**DATE: 05/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

# ભરૂચ જિલ્લા પોલીસે બે ફરાર આરોપીઓ ઝડપી પાડ્યાં

। ભરૂચ ।

ભરૂચ શહેરમાં નાસતા ફરતા એમ બે આરોપીઓને પેરોલ ફર્લો સ્કોડે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જેલભેગા કર્યા છે.

ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમના જવાનો જિલ્લાના બનેલ ગુનાઓમાં નાસતા ફરતા તથા વોન્ટેડ આરોપીઓ પકડવા અંગે ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન માહિતી મળી હતી કે, નાસતા ફરતા આરોપી પ્રશાંત ઠાકોરભાઈ પરમાર નબીપુર પોતાના ઘરે હાજર છે આ માહિતીના આધારે પેરોલ ફર્લો સ્કોડે આરોપીને ઝડપી પાડી ભરૂચ જિલ્લા જેલમાં ધકેલી દીધો છે. તેમજ એક બીજા કેસમાં ૩ માસની સાદી કેદની સજાના વોરંટમાં ધરપકડથી બચવા સારૂ નાસતા ફરતા આરોપી મો.સલીમ અહેમદ મીયા શેખ, સૈયદવાડ, ભરૂચ ખાતે પોતાના ઘરે હાજર છે તેને પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઝડપી પાડી જેલમાં મોકલી આપ્યો હતો.

**DATE: 05/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## અંકલેશ્વરમાં તહેવારો પહેલાં શાંતિ સમિતીની બેઠક મળી

# ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ કરનારાઓ સામે કાર્યવાહી કરાશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા તેમજ મુસ્લિમ સમાજના મોહરમની કોમી એખલાસથી ઉજવણી થાય તે હેતુથી એ ડિવિઝન પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી.

ભગવાન જગન્નાથની રથયાત્રા તેમજ મોહરમ પર્વની કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઉજવણી થાય તે માટે પોલીસ વિભાગ સજ્જ બન્યું છે. અષાઢી બીજના રોજ રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથ, બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળશે અને ઠેર ઠેર રથયાત્રાનું સ્વાગત કરવામાં આવશે તો બીજી તરફ મોહરમના પર્વ પર તાજીયાનું ઝૂલુસ કાઢવામાં આવશે. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બંને કોમના આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. ધાર્મિક લાગણી ન દુભાઇ તેવી પોસ્ટ કે મેસેજ નહિ કરવા માટે અપીલ કરવામાં આવી હતી. ઉપરાંત અન્ય કોઇ રીતે પણ લોકો વચ્ચે વનસ્ય ન સર્જાય અને કોમીએખલાસ ભર્યાં વાતાવરણમાં જ કાર્યક્રમ સંપન્ન થાય તે માટે દરેકને સતર્ક રહેવા જણાવ્યું હતું. ધાર્મિક લાગણી દુભાઇ તેવી પોસ્ટ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**DATE: 05/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચના બરાનપુરામાં પોલીસે દરોડો પાડ્યો

# દહેવિક્રયનો વેપલો કરાવતી વૃદ્ધા-ગ્રાહક સહિત બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, બરાનપુરા વિસ્તારમાં કોહિનુર ગેસ સર્વિસની દુકાન પાછળ એક મકાનમાં લતા વસાવા નામની મહિલા બહારથી રૂપલલનાઓ બોલાવી તેમની પાસે દેહવિક્રિયનો વેપલો કરાવે છે.

જેના પગલે ટીમે એક પોલીસકર્મીને ડમી ગ્રાહક તરીકે ત્યાં મોકલ્યો હતો. રૂપિયા 1 હજારમાં ડમી ગ્રાહકે એક યુવતિને નક્કી કર્યાં બાદ મિસ્ડકોલ કરી ટીમને સતર્ક કરતાં તેમણે દરોડો પાડ્યો હતો. ટીમે ત્યાંથી ત્રણ રૂપલલનાઓ એક રૂમમાંથી મળી હતી. જ્યારે અન્ય એક રૂમમાં એક રૂપલલના અને એક ગ્રાહકને ઝડપી પાડ્યો હતો. પોલીસે કુટણખાનું ચલાવતી 60 વર્ષીય લતા નટવર વસાવા તેમજ ગ્રાહક ચિરાગ રમેશ મિસ્ત્રી (પારસીવાડ, વેજલપુર) સામે ધી ઈમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્સન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

કાયદો વ્યવસ્થા જળવાય માટે આયોજન

# રથયાત્રા-તાજિયાને લઈને ભરૂચમાં ફ્લેગમાર્ચ યોજાઇ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગુરૂવારે સાંજે ભરૂચ શહેરમાં પોલીસ દ્વારા રથયાત્રાના રૂટ પર ડીવાયએસપી સી. કે. પટેલની અધ્યક્ષતામાં ફ્લેગમાર્ચ યોજી હતી.

ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળશે ત્યારે રથયાત્રાના ઉત્સવ પ્રસંગે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્રએ કમરકસી છે.જેના ભાગરૂપે ભરૂચ શહેર પોલીસ ડીવીઝન વિભાગ દ્વારા DYSP સી.કે.પટેલની ઉપસ્થિતમાં ફ્લેગમાર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ફ્લેગમાર્ચ શહેરના ફુરજા વિસ્તારમાં આવેલા જગન્નાથ મંદિરેથી નીકળી રવિવારી બજાર, સોની ફળિયુ, લાલ બજાર, લલ્લુભાઈ ચકલાથી હાથીખાના બજાર થઈ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પહોંચી હતી જેમાં મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ જોડાયા હતા.

**DATE: 05/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રાજપારડી પોલીસે આરોપીની ધરપકડ કરી ગુનો નોંધ્યો

# બુરખો પહેરેલી પરિણીતાની છેડતી કરવા માટે આવેલ યુવાન ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા



ઝઘડિયા તાલુકાની એક પરિણિત યુવતીને બીભસ્ત ચેનચાળા કરી હેરાન કરનાર યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.પરિણિત યુવતી ઝઘડિયા તાલુકામાં આવેલ તેના સાસરીના ગામે પરિવાર સાથે રહે છે. એક યુવક છેલ્લા ઘણા સમયથી તેણીનો પીછો કરીને ચેનચાળા કરીને હેરાન કરતો હતો. દરમિયાન ગતરોજ સવારના 10 વાગ્યાના અરસામાં આ પરિણિતા તેની દેરાણી સાથે ઘરના નીચેના ભાગે સાફ સફાઈ કરવા આવી હતી અને તેઓ રૂમોની સફાઇ કરતા હતા તે સમયે એક બુરખો પહેરેલ વ્યક્તિ ત્યાં આવી હતી અને આ પરિણિતાને હાથથી ચેનચાળા કરવા લાગ્યો હતો. ત્યારબાદ યુવતી અને તેની દેરાણીએ બુમાબુમ કરતા ફળિયામાં રહેતા કેટલાક લોકો ત્યાં દોડી આવ્યા હતા અને બુરખાવાળી વ્યક્તિને પકડી લીધો હતો. તેનો બુરખો ઉતારાવતા તે વ્યક્તિ ઘણા સમયથી યુવતીને હેરાન કરનાર યુવક હોવાની જાણ થઈ હતી.પરિણિત યુવતીએ તેને વારંવાર હેરાન કરનાર રાજપારડીના ઈમ્તિયાઝ સબ્બિર દાયમા (દિવાન) વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અંકલેશ્વર પોલીસ તંત્ર સજાગ બન્યું

# રથયાત્રા-મહોરમ પર્વને લઈને શાંતિ સમિતિની બેઠક

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા તેમજ મુસ્લિમ સમાજના મોહરમ પર્વની કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઉજવણી થાય તે હેતુથી અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

આગામી દિવસોમાં અષાઢી બીજના રોજ રથયાત્રા તો મુસ્લિમ સમાજના મોહરમ પર્વની ઉજવણી કરવામાં આવશે. આ બંને પર્વ કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં ઉજવાય તે માટે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.અષાઢી બીજના રોજ રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળશે અને ઠેર ઠેર રથયાત્રાનું સ્વાગત કરવામાં આવશે તો બીજી તરફ મોહરમના પર્વ પર તાજીયાનું ઝૂલુસ કાઢવામાં આવશે. કોઈ અનીરછનિય બનાવ ન બને તે માટે પોલીસ વિભાગ દ્વારા કવાયત હાથ ધરવામાંઆવી છે ત્યારે શાંતિસમિતિની બેઠકમાં આ બન્ને પર્વ કોમી એખલાસભર્યા વાતાવરણમાં ઉજવાય તે માટે અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં પોલીસ અધિકારીઓ તેમજ શાંતિ સમિતિના સભ્યો અને હિન્દૂ મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

### હિન્દુ મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યાં

**DATE: 06/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ જવાનો રાઉન્ડ ધ ક્લોક તૈનાત

# ભરૂચમાં જગન્નાથ રથયાત્રાના રૂટ પર એસપી સાથે પોલીસ જવાનોની ફ્લેગમાર્ચ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં આગામી 7 મી જુલાઇના રવિવારના રોજ અષાઢી બીજ ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળશે. પ્રભુને આવકારવા ભરૂચ, અંકલેશ્વર અને આમોદમાં ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ત્યારે રથયાત્રાના ઉત્સવ પ્રસંગે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્રએ કમરકસી છે. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા એસપી મયુર ચાવડાની ઉપસ્થિતમાં શહેરના ફુરજા બંદરથી દર વર્ષે નિકળનાર જાદવ સમાજની રથયાત્રાના રૂટ પર ફ્લેગમાર્ચ યોજાઈ હતી. યાત્રાના રૂટ પર પેટ્રોલિંગ, ધાબા પોઈન્ટ, ડ્રોન, બોડી વોર્મ કેમેરા, એસ.આર.પી. સહિતના જવાનો કાયદો વ્યવસ્થા જાળવવા સાથે પ્રભુની નગરચર્યા શાંતિપૂર્ણ



વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાઉન્ડ ધ ક્લોક ફરજ પર તૈનાત રખાશે.

ફ્લેગમાર્ચ શહેરના ફુરજા વિસ્તારમાં આવેલા જગન્નાથ મંદિરેથી, સોની ફળિયુ, લાલ બજાર, લલ્લુભાઈ ચકલા, હાથીખાના બજાર થઈ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પહોંચી હતી.

**DATE: 06/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### રથયાત્રાને લઈ પોલીસની કાર્યવાહી

# ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં જાહેરનામા ભંગના ૪૦ કેસ કરાયા

ભરૂચ,તા.૫

આગામી રથયાત્રાના પર્વ દરમ્યાન અસામાજિક તત્વો કોઈ અટકચાળું ના કરે તે માટે ભરૂચ પોલીસે કમર કસી છે, ત્યારે ભરૂચ એસ.ઓ.જી. પોલીસે ભરૂચ અને અંકલેશ્વર શહેરના રથયાત્રાના રૂટ પર ચેકીંગ હાથ ધરી જાહેરનામા ભંગના ૪૦ જેટલા કેસો કર્યા છે.

## પોલીસે રથયાત્રાના રૂટ પરના વિસ્તારમાં અને ધાબા પોઈન્ટ પર ચેકિંગ હાથ ધર્યું

અષાઢી બીજના દિવસે ભરૂચ અને અંકલેશ્વરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકળનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એસઓજી પોલીસ દ્વારા ભરૂચ તેમજ અંકલેશ્વર શહેર વિસ્તારમાં અલગ અલગ ટીમો બનાવી અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રથયાત્રા રૂટ ઉપર આવેલ મકાન, દુકાન ભાડુઆત, આંગડીયા પેઢી, જવેલર્સ, પ્રાઈવેટ સિક્યુરીટી, પથિક સોફ્ટવેર હોટલ, ગેસ્ટ હાઉસ વિગેરે ચેક કરતા સી.સી.ટી.વી. નહી લગાડેલ તેમજ મકાન, દુકાનો ભાડે આપી દુકાન માલિક, વહીવંટ કર્તાએ દુકાન ભાડે આપ્યા અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં મકાન દુકાનો ભાડુઆત અંગેની નોંધણી નહી કરનાર વિરૂધ્ધ વિવિધ જાહેરનામા ભંગના કુલ ૪૦ કેસો દાખલ કર્યા છે. તે ઉપરાંત ટીમો દ્વારા રથયાત્રા રૂટ ઉપર આવેલ ધાબા પોઈન્ટ પણ ચેક કર્યા હતાં.

**DATE: 06/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-02**

### રથયાત્રામાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટશે

# ભરૂચમાં ૩ સહિત જિલ્લામાં ૬ સ્થળે રથયાત્રાની તડામાર તૈયારીઓ

### રથયાત્રાના આયોજન અંગે વહીવટી અને પોલીસ તંત્ર સજ્જ

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં કુલ ૬ સ્થાનકો ખાતેથી અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ ૬ રથયાત્રા પૈકી ત્રણ રથયાત્રા ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં યોજાઈ છે જેમાં સૌપ્રથમ ફુરજા વિસ્તારમાં આવેલ ભગવાન જગન્નાથના મંદિર ખાતેથી ભોઈ જ્ઞાતિ દ્વારા આયોજીત રથયાત્રા બીજી રથયાત્રા આશ્રય સોસાયટીમાં ઉડીયાસમાજના મંદિર ખાતેથી નીકળશે. જયારે ત્રીજી રથયાત્રા ઈસ્કોન દ્વારા આયોજીત કરવામાં આવે છે. જે ભરૂચ નગરના શીતલ સર્કલથી નીકળશે. આ તમામ યાત્રાઓ અંગે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જે અંગે જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જણાવ્યુ હતુ કે, જડબેસલાખ પોલીસ બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યુ છે.

ભરૂચ જિલ્લામાં આગામી તા.૭ જુલાઈના રવિવારના રોજ કુલ ૬ જેટલી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ૬ રથયાત્રાઓ પૈકી ૩ રથયાત્રાઓ ભરૂચ ખાતે યોજવામાં આવેલ છે જે પૈકી ભોઈ જ્ઞાતિ દ્વારા આયોજીત થતી રથયાત્રાનો ધાર્મિક ઈતિહાસ શૈકાઓ જુનો છે જયારે ઉડીયા સમાજની રથયાત્રા અને ઈસ્કોનની રથયાત્રા પણ હાલના કેટલાક વરસો અગાઉથી શરૂ કરવામાં આવેલ છે.

રૂટની દ્રષ્ટીએ જોઈએ તો સમસ્ત ભરૂચ ભોઈજ્ઞાતિ દ્વારા આયોજીત રથયાત્રા ફુરજા વિસ્તારમાં આવેલ ભગવાન જગન્નાથજીના મંદિર ખાતેથી નીકળી ભરૂચ નગરના વિવિધ વિસ્તારોમાં ફરશે. જેમાં માર્ગમાં આ રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવશે. તે સાથે ભરૂચના આશ્રય સોસાયટી વિસ્તારમાં આવેલ ઉડીયા સમાજના જગન્નાથ મંદિર ખાતેથી ઉડીયા સમાજ આયોજીત રથયાત્રા નીકળશે જે આશ્રય સોસાયટી વિસ્તારમાંથી શકિતનાથ, શ્રવણ ચોકડી વિસ્તાર વગેરેમાં ફરશે. જયારે ઈસ્કોન આયોજીત રથયાત્રા ભરૂચના શીતલ સર્કલથી નીકળી ઝાડેશ્વર કે.જી.એમ. હાઈસ્કુલ સુધી પહોંચેશ. ત્રણે ત્રણ રથયાત્રામાં હજારોની સંખ્યામાં ભકતો ઉમટી પડે તેવી સંભાવના જણાય રહી છે.

જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શનમાં ગોઠવાઈ રહ્યુ છે ત્યારે બંદોબસ્ત અંગે મળતી માહિતી મુજબ ૩ ડીવાયએસપી., ૧૪ પીઆઈ, ૫૦ પીએસઆઈ, ૧૦૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ, ૬૨૦ કોન્સ્ટેબલ અને જીઆરડી, ૧ કંપની એસઆરપી આ ઉપરાંત સંવેદશનીલ વિસ્તારોમાં વિડીયો શૂટીંગ માટે ૨૫ જેટલા વિડીયોગ્રાફર અને ૩ ડ્રોનની મદદ લેવામાં આવશે.

## અંકલેશ્વર હરીદર્શન સોસાયટી ખાતેથી જગન્નાથજી ભગવાનની ૨૨મી રથયાત્રા નીકળશે

અંકલેશ્વર : અંકલેશ્વરમાં શ્રી જગન્નાથજી ભગવાનની ૨૨ મી રથયાત્રાની તૈયારીઓ પૂર્ણતાના આરે છે મેઘમહેર વચ્ચે જગન્નાથજીની રથયાત્રા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે જે પૂર્ણતાના આરે છે. છેલ્લા ૨૨ વર્ષથી યોજાતી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા અંકલેશ્વરમાં સુખરૂપ અને શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ અને સંપન્ન થાય છે. આ વખતે પણ ૭ જુલાઈ, ૨૦૨૪ રવિવાર ના રોજ ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા હરીદર્શન સોસાયટી ખાતે આવેલ શ્રી જગન્નાથજી મંદિરના પ્રાંગણમાંથી પ્રારંભ થશે અને સમગ્ર નગરની પ્રદક્ષિણા કરીને ભગવાન શ્રી જગન્નાથજી સાંજે પુનઃ નિજ ધામે પધારશે. શ્રી જગન્નાથ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા આ વખતે ૧૦૦ કિલો મગ અને ૭૫ kg ચોકલેટના પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે સવારે ૧૧:૦૦ કલાકે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા મંદિરથી પ્રારંભ થશે અને અંકલેશ્વરમાં નગરચર્યા કરશે અને શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા સંપન્ન થાય એ માટે હિન્દુ તેમજ મુસ્લિમ બિરાદરોએ એકમેકનો સાથ આપવાનું પણ નક્કી કર્યું છે. જેમાં દ્વારા રથયાત્રાના માર્ગ પર ઠંડાઈ શરબત તેમજ અન્ય ચીજ વસ્તુઓની પણ વ્યવસ્થા કરવામાં આવી છે

**DATE: 07/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### તાલુકા પોલીસના દરોડામાં 960 કવાટર જપ્ત

# કરમાડના બૂટલેગરના ઘરે પલંગ નીચેથી બોટલો મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં કરમાડ ગામે તળાવ ફળિયામાં રહેતો દિલીપ વસાવા વિદેશીદારૂનો વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી તાલુકા પોલીસને મળી હતી. જેના પગલે એએસઆઈ કાલીદાસ તેમજ તેમની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે તેના ઘરે પહોંચતાં તે ઘરમાં જ હાજર મળી આવ્યો હતો. તેને સાથે રાખી ટીમે ઘરમાં તપાસ કરતાં ઘરના ઉપરના માળે આવેલાં એક રૂમમાંથી પ્લાસ્ટીકના થેલામાં તેમજ ગેલેરીમાં મુકેલાં પલંગ નીચેથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે ગણતરી કરતાં તેના ઘરમાંથી કુલ 960 ક્વાટરીયા મળી આવ્યાં હતાં. એક બોટલના 100 રૂપિયા લેખે 96 હજારનો વિદેશીદારૂ ટીમે જપ્ત કરી બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ઉપરાંત બુટલેગર દિલીપને દારૂનો જથ્થો કોણ આપી ગયું હતું. ક્યાંથી લાવ્યો હતો તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

**DATE: 07/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

સુકવણા અને નાના સાંજાના બૂટલેગરો વોન્ટેડ

# મુલદથી બોરિદ્રા જવાના રસ્તે કારમાંથી દારૂનો જથ્થો મળ્યો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા



ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડીયા તાલુકાના મુલદ ગામથી બોરીદ્રા ગામ જવાના માર્ગ પરથી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી

પીએસઆઈ ડી.એ.તુવર ટીમ સાથે હાઈવે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે સમે સુકવણાનો સંજય વસાવા અને નાના સાંજાનો અલ્પેશ વસાવા કારમાં દારૂની હેરાફેરી કરતો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે મુલદથી બોરીદ્રા ગામ જતાં રસ્તા પર તપાસ આદરી હતી જેમાં એક કાર બિનવારસી હાલતમાં મળી હતી. તેની તલાશી લેવામાં આવ્યાં તેમાંથી દારુની બોટલો અને બિયરના ટીન મળી આવ્યાં હતાં. 98 હજારની કિમંતનો દારૂ તથા કાર મળી કુલ 3.98 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગરોને ફરાર જાહેર કરાયાં છે.